*સ્પે દિ.મુ નં–૦૬ –૨૦૨૨ નાં કામમાં આંક:– ૫ ની અરજી લગત હુકમ.*

(૧) વાદીઓ એ પ્રતિવાદીઓ વિરૂધ્ધ હાલ નો દાવો જાહેરાત મીલકત ની વહેચણ અને કાયમી મનાઇ મેળવવા માટે હાલ નો દાવો દાખલ કરેલ છે અને દાવા સાથે ધી કોડ ઓફ સીવીલ પ્રોસીઝર ઓ. ૩૯ રૂલ–૧,૨ તથા કલમ– ૧૫૧ મુજબ કામચલાઉ મનાઈહુકમ મેળવવા માટેની અરજી દાખલ કરેલી છે. વાદી એ તેની આંક–૫ ની અરજી માં દાદ માંગેલ છે કે,

–:દાદ:–

**દાદ નં–૧ :**– મોજે ગામ :– ગુણસવેલ, તા. મહુવા, જી.સુરત મુકામે બ્લોક નં. ૪૪૪ કે જેનું ક્ષેત્રફળ હે. ૦–૮૩–૨૪ આરે આકાર રૂા. ૫.૨૫ પૈસા વાળી જમીન હમો પક્ષકારોની સંયુકત કુટુંબની કોપાસર્નરી મીલકત હોય અને સદર જમીનમાં હું વાદીનો અણ વહેંચાયેલો હીસ્સો છે યાને કે તે જમીનમાં હું વાદીનો ભાગ હોય આ કામના પ્રતિવાદી સદર જમીન અન્ય કોઈને કબજે સુપ્રત કરે નહી કે તેનું વેચાણ, બક્ષીસ કે અન્ય રીતે કોઈને ટ્રાન્સફર, એસાઈન કે તબદીલ કરે કરાવે નહી તથા ઉત્તર દિશા તરફનો અડધો હીસ્સો હું વાદીના સ્વતંત્ર કબજામાં ચાલી આવેલ છે અને તેમાં ખેતી કામ કરતા અટકાવે નહી કે હું વાદીના કબજામાં હરકત, અંતરાય, અવરોધ, હસ્તે પરહસ્તે કરે કરાવે નહી તેવો તેમને દરમ્યાન મનાઈ હુકમ ફરમાવશોજી.

**દાદ નં–૨:**–દાવાની એકંદર હકીકત જોતા આપ નામદાર અદાલતને યોગ્ય અને મુનાશિબ લાગે તેવી બીજી વધુ દાદ પ્રતિવાદી કનેથી અપાવશોજી.

(૨) આ કામનાં પ્રતિવાદીને વાદીનાં દાવા તથા મનાઈહુકમ અરજીની નોટીસની ધોરણસરની બજવણી થઈ જતા આ કામના પ્રતિવાદી નં-૩ થી ૯ નોટીસ બજવા છતા હાજર રહેલા ના હોય તેમના વિરુધ્ધ સદર દાવો એક તરફી કરવાનો હુકમ જુદી જુદી તારીખમાં કરવામાં આવેલ છે. વધુમાં આ કામના પ્રતિવાદી નં-૧ અને ૨ ના સદર દાવા અને મનાઈ અરજ નો જવાબ આંક-૧૦ થી રજુ રાખેલ છે. તથા વાદી એ આંક-૧૭ થી પોતાનુ કાઉન્ટર એફડેવીટ રજુ કરેલ છે.

(૩) આ કામે વાદી તર્ફે વકિલ શ્રી જિ.યુ.વ્યાસ ની દલીલો સાંભળી તથા પ્રતિવાદી નં–૧ અને ૨ તર્ફે વિ.વ.શ્રી જોશી ની દલીલો સાંભળેલ છે..

(૪) આ કામે વાદી દ્વારા  નીસાની ૩–૦૧ થી ૩–૪૪  સુધીના દસ્તાવેજી આધાર રજુ રાખેલા છે આ કામે આંક–પ્રતિવાદી દ્વારા આંક–૧૧–૧ થી ૧૧–૬ સુધિ ના દસ્તાવેજિ પુરાવા રજુ રાખેલા છે.

(૫) આ કામે વાદી અને  પ્રતિવાદી દ્વારા રજુ કરાવામાં આવેલા પક્ષ નિવેદનને ધ્યાને લીધેલા છે આ કામે વાદી  અને પ્રતિવાદી  દ્વારા રજુ કરવામાં આવેલ દસ્તાવેજ  વંચાણે લીધેલ છે.

(૬) વાદીની આંક– ૫ ની મનાઈહુકમ અરજીનાં ન્યાય, નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

*–ઃ મુ દ્દા ઓ ઃ–*

૧. શું વાદીનો પ્રથમદર્શનીય કેસ છે ?

૨. શું સગવડતા અને સમતુલાનું પલ્લુ વાદીની તરફેણમાં છે ?

૩. શું મનાઈહુકમ ન આપવાથી વાદીને તેનો બદલો નાણાંના સ્વરૂપમાં ન મળી શકે તેવુ નુકશાન થાય તેમ છે ?

૪. શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓનાં મારા નિર્ણયો નિચે મુજબ છે.

*–ઃ નિ ર્ણ યો ઃ–*

*મુદ્દા નંબરઃ– ૧– નકારમાં.*

*મુદ્દા નંબરઃ– ૨– નકારમાં.*

*મુદ્દા નંબરઃ– ૩– નકારમાં.*

*મુદ્દા નંબરઃ– ૪– આખરી હુકમ મુજબ.*

(૮) ઉપરોકત મુદ્દાઓનાં નિર્ણયોનાં કારણો નીચે મુજબ છે.

*–ઃ કા ર ણો ઃ–*

*–ઃ મુદ્દા નંબરઃ– ૧ થી ૩ ઃ–*

(૮.૧) મુદ્દા નંબર ૧ થી ૩ એકબીજાની સાથે સંકળાયેલા હોવાથી સુગમતા ખાતર આ તમામ મુદ્દાઓની ચર્ચા એકીસાથે કરવામાં આવેલી છે.

(૮.૨) આ કામે વાદી તર્ફે મનાઈહુકમ મેળવવા માટે વાદીએ નીચે મુજબની હકીકતો તેમની તરફેણમાં પ્રથમદર્શનીય રીતે હોવાનું રેકર્ડ ઉપરનાં પુરાવાથી સાબીત કરવાનું રહે છે અને કોર્ટે તે મુજબની હકીકતો વાદીની તરફેણમાં છે કે નહી તે જોવાનુ રહે છે.

> *''There are three basic principles for granting or refusing to grant temporary injunction i.e. prima facie case in favour of the party seeking injunction, Balance of convenience in favour of such per son and last there must be a irreparable loss which are likely to be caused to party if injunction is not granted to such person. Thus an injunction being an equitable remedy is always at the discretion of the court. However, such discretion must be based on sound judicial principles and guided by rules of Equity and the peculiar facts and circumstances of the case. In addition to this three basic principles for granting or refusing to grant injunction,the conduct of the person seeking injunction should also be taken in to consideration because the granting of injunction is an equitable relief and is drastic or serious order and there are two basic maxims of equity which are important to be consider at the time of deciding injunction application which are "He who seeks equity must do equity" and "He comes to equity must come with clean hand "*

(૮) આ કામે વાદી એ હાલ નો દાવો નીચે મુજબ ની મિલકત બાબતે કરેલ છે.

ડીસ્ટ્રીક સુરત સબ ડીસ્ટ્રીક મહુવા ના ગામ મોજે ગુણસવેલ ની નીચે જણાવ્યા મુજબ ની વિગત અને વર્ણન વાળી જમીન

| ક્રમ | બ્લોક નંબર- સર્વે નંબર | આકાર | ક્ષેત્રફળ |
|---|---|---|---|
| ૧. | ૪૪૪ | ૫.૨૫ પૈસા | ૦-૮૩-૨૪ |

(૮.૧) આ જમીન બાબતે નો વાદી એ સદર મિલકત સંયુકત કુટુંબ ની કોપાસર્નરી મીલકત બાબતે વણ વેહચયેલો હિસ્સો મેળવવા કરેલ છે. ત્યારે આ કામે સદર વાદગ્રસ્ત જગ્યા આ વાદી ના કથન મુજબ દયાળ મોરાર ની હતી અને ત્યાર બાદ તે જોગીદયાળ ના નામ પર થયેલ ત્યાર બાદ જોગી દયાળ ના કુલ ૩ વારસો હતા જેમા દલાભાઇ(પ્રતિવાદી નં–૧ અને ૨ વડીલ) ,પ્રભુભાઇ(પ્રતિવાદી નં–૩ ના વડિલ) અને પ્રેમાભાઇ (વાદી અને પ્રતિવાદી ૪ થી ૯ ના વડિલ અથવા આ પ્રેમાજોગી ની શાખા ના વારસો) હતા ત્યાર બાદ કામે સર્વે નં–૨૯૨ પેકી હતો છે સને નૌધ નં–૨૯૨ તારીખ ૧૦–૧૦–૧૯૫૬ ના રોજ દલાભાઇ તથા જિવણ ગોવાનભાઇ વચ્ચે વહેચણ થઇ ગયેલ છે તેવુ નોધ પર થી જાણાઇ આવે છે.(પરંતુ જિવણ ગોવાન ના કોઇ વારસો સદર કામ માં પક્ષકાર તરીકે નથી) ત્યાર બાદ આ કામે પ્રતિવાદી નં–૧ અને ૨ ના પિતા નુ નામ વાદગ્રસ્ત જમીન માં દાખલ કઇ નોધ થી દાખલ થયેલ છે તે કોઇ પણ પક્ષકારો એ સંપુર્ણ રેવન્યુ રેર્કડ મુકેલ ના હોય કે નોધો મુકેલા ના હોય તે હકીકત ફલીત થતી નથી. વધુમા આ કામે પ્રતિવાદી દ્વારા નીશાની ૧૧–૪ થી નોધ નં–૧૩૭ તે સને ૦૧–૦૨–૧૯૫૪ ના રોજ ની પાડવામાં આવેલ છે જે બોજા ની નોધ છે. જે પ્રમાણીત થયેલ છે તેમા સદર સર્વે નં–૨૯૨ પૈકી માં દલા જોગી નુ નામ ચાલતુ આવેલ છે. જે થી આ કામના પ્રતિવાદી નં–૧ અને ૨ ના વડવાનુ નામ સને ૧૯૫૪ થી સદર વાદગ્રસ્ત જગ્યા માં ચાલતુ આવેલા ની હકિકત ફલિત થાય છે. વધુમાં વાદી ના વડિલ જીવ્યા ત્યા સુધી આ બાબતે કોઇ તકરાર લીધેલ નથી. વધુમાં આ કામે પ્રતિવાદી નં–૧ અને ૨ ના વડીલ સને ૧૯૮૪ માં મરણ ગયા બાદ તેમની વારસાઇ થયેલ અને તે મુજબ આ કામના પ્રતવાદી નં–૧ અને ૨ તથા તેમની માતા લક્ષ્મી બેન નુ નામ દાખલ થયેલ છે. અને તે લક્ષ્મી બને મરણ જાવાથી પ્રતિવાદી નં–૧ અને૨ નુ નામ રેવન્યુ રેર્કડ મા ચાલતુ આવેલ છે. આ કામના વાદી ના વડીલ કયારે ગુજરી ગયેલા છે તે બબાતે મોન સેવેલ છે.

વધુમાં વાદીઓ પોતે જાણે છે કે આ કામના પ્રતિવાદી નં-૧ અને ૨ ના વડવા નુ નામ ચાલતુ આવેલ છે તેમ છતા તેમને સને ૨૦૨૨ સુધી આ નોધ ચેલેન્જ કરેલ નથી અને સને ૨૦૨૨ મા તેમને નોધ ચલેન્જ કરેલ છે જે અપીલ રદ કરવામાં આવેલ છે આ હકિકતો બાબતે વાદી કોઇ જ પ્લીડિંગ કરેલ નથી. આ તમામ દસ્તાવેજ પ્રતિવાદી નિશાની ૧૧-૧ થી ૧૧-૨ સુધિ મુકેલા છે તથા આ કામે પ્રતિવાદી નં-૧ વાદિ પર લેન્ડ ગ્રેબીગ ની ફરીયાદ કરેલ છે તો તેનુ શુ નિકાલ આવેલ છે તે કોઇ પણ પક્ષકારે જણાવેલ નથી. આ બાબતે વાદી જે જગ્યા પર કલેઇમ કરે છે તે જગ્યા બાબતે કોઇ પંચનામુ કરાવેલ નથી. વધુમાં આ કામે પ્રતવાદી નં-૧ જે લેન્ડ ગ્રેબીગ ની ફરીયાદ કરેલ છે તે કબજા બાબતે ન્યાય નિર્ણય પડતર હોય હાલ તે બાબતે પુરાવા લીધા વગર નિર્ણય થઇ શકે તેમ નથી કે વાદી નો જે કબજો છે તે કયા પ્રકાર નો છે. વધુમાં વાદી એ નીશાની ૩-૧૦ થી સમાધાન ખત રજુ રાખેલ છે. તે સને ૨૦૧૧ નો છે અને જેના પર વાદી દાવો લઇ ને આવેલા છે તે સને ૨૦૨૨ માં આવેલ છે આશરે -૧૧ વર્ષ બાદ લઇ ને આવેલા છે. વધુમાં વાદી પોતે આર.ટી.એસ પ્રકરણો ચાલુ કરેલા છે તે બાબતે પણ મોન સેવેલ છે તે હકિકતો પણ પોતાના પ્લીડિગમાં લખેલ નથી. ત્યારે વાદી પોતે ચોખ્ખા હાથે આવેલા નથી. ત્યારે *"who comes into equity must come with clean hands."* ત્યારે નામદાર સુપ્રીમ કોર્ટ એ "Ramjas Foundation Vs. Union of India" reported in IV (2010) Civil Law Times page no-351 wherein it has been held by the Hon'ble Supreme Court of India that a person who does not come to the Court with clean hand is not entitled to be heard on merits of his grievance and, in any case, such person is not entitled to any relief. " જે થી હાલ ના દાવા માં પણ વાદી એ પોતે આર.ટી.એસ પ્રકરણો પોતે પહેલા દાખલ કરેલ છે અને ત્યાર બાદ આ કામના પ્રતિવાદી નં-૧ એ લેન્ડ ગ્રેબીગ ની ફરીયાદ દાખલ કરેલ છે નૂ હકીકત રેર્કડ પર થી ફલીત થાય છે તેમ છતા વાદી એ રેવન્યુ રાહે તકરાર લીધેલ છે તે હકીકત જણાવતા નથી. ઉલટા નુ પ્રતિવાદિ લેન્ડ ગ્રેબીગ ની ફરીયાદ કરેલા નુ કારણ જણાવી ને દાવો લાવેલા છે. જે થી વાદી આ જગ્યા ના રેવન્યુ રેકડ થી વાકેફ હોવા છતા સને ૨૦૨૨ સુધી બેસી

રહેલા છે. આ કામના પ્રતિવાદી ના વડવાનુ નામ સદર વાદગ્રસ્ત જગ્યા માં સને ૧૯૫૪ થી ચાલતુ આવેલ છે જે વાદી ના કથન મૂજબ મેળાપીપણા માં દાખલ કરેલ છે તેવા કથનો છે ત્યારે આ કામે રેવન્યુ રેર્કડ બાબતે નામદાર સુપ્રીમ કોર્ટ નો ચુકાદો ધ્યાને લેવાનો રહે છે તેમા જે સિધ્ધાત છે તે નીચે મુજબ છે.Vishwa Vijay Bharati Versus Fakhrul Hassan 1976 (0) AIJEL-SC 34408

**14.**<u>It is true that the entries in the revenue record ought, generally, to be accepted at their face value and courts should not embark upon an appellate inquiry into their correctness.</u> But the presumption of correctness can apply only to genuine, not forged or fraudulent, entries. The distinction may be fine but it is real. The distinction is that one cannot challenge the correctness of what the entry in the revenue record states but the entry is open to the attack that it was made fraudulently or surreptitiously. Fraud and forgery rob a document of all its legal effect and cannot found a claim to possessory title. જે થી હાલ ના કેસ માં પણ વાદી પોતે જણાવે છે કે પ્રતિવાદી ના પિતા દલાભાઇ જોગી ભાઇ એ રેવન્યુ અધીકારી સાથે મેળાપી પાણમાં પોતાનૂ નામ દાખલ કરાવે છે તે જણાતા હોવા છતા વાદી ના વડીલો તેમના જીવનકાળ દરમ્યાન કોઇ કાર્યવાહી કરેલ નથી કે આ કામના વાદી પોતે સને ૨૦૨૨ માં નામ દાખલ કરેલ છે અને તે પ્રકરણો પણ રદ કરેલા છે તેની સામે અપીલ કરેલ છે કે કેમ તે બાબતે મોન સેવેલ છે. વાદી પોતે આટલા લાબા સમય સુધી સુતા રહેલા છે તેમના હકક માટે જાગ્રત નથી. ત્યારે હાલ જે રેવન્યુ માં નૌંધ પડેલ છે તે સાચી છે તેમ હાલ ના તબકકે માનવાનુ રહે છે કે જયા સુધી વાદી પોતે પુરાવા થી તેનુ ખંડન ના કરે. વધુમાં આ કામે વાદી સને ૨૦૧૧ ના સમાધાન પત્ર જે રજુ રાખેલ છે તે માટે સને ૨૦૨૨ માં દાવો લાવેલા છે. આ કામના પ્રતિવાદી નં-૧ અને ૨ નુ નામ રેવનયુ

રેર્કડ માં સને ૧૯૮૮ થી ચાલતુ  આવેલ છે.  આ કામે વાદી એ વાદગ્રસ્ત જાગ્યા નુ પંચનામુ કરાવેલ નથી.લેન્ડ ગ્રેબીગ ની ફરીયાદ માં શુ નીર્ણય આવેલ છે તે કોઇ પણ પક્ષકારે રજુ રાખેલ નથી.  ત્યારે વાદી નો કોઇ પ્રથમ દર્શનીચ કેસ નથી.

(૯) આ તમામ સંજોગો અને હકીકત ને ધ્યાને લઇ તથા  ઉપર કરેલ ચર્ચા મુજબ જયારે વાદી પોતાનો પ્રથમ દર્શનીય કેસ હકક સ્થાપીત કરવામાં નિષ્ફળ ગયેલા  છે ત્યારે  જેથી વાદીનો પ્રથમદર્શૅનીચ કેસ ન હોચ ત્યારે નામદાર સવોર્ચ્ચ અદાલત દ્રારા જે સિધ્ધાંતો પ્રસ્થાપિત કરેલ છે તે નજર સમક્ષ રાખતા **Kashi Math Samsthan & Anr *v.* Srimad Sudhindra Thirth Swamy, AIR 2010 SC 296: 2009 AIR SCW 7551.**

"In order to obtain an order of injunction, the party who seeks for grant of such injunction has to prove that he has made out a *prima facie* case to go for trial, the balance of convenience is also in his favour and he will suffer irreparable loss and injury if injunction is not granted. But it is equally well settled that when a party fails to prove *prima facie* case to go for trial,question of considering the balance of convenience or irreparable loss and injury to the party concerned would not be material at all, that is to say,if that party fails to prove prima facie case to go for trial, it is not open to the Court to grant injunction in his favour even if he has made out a case of balance of convenience being in his favour and would suffer irreparable loss and injury if no injunction order is granted.

આમ ,જેથી જયારે વાદી ઓ પોતાનો પ્રથમ દર્શનીય કેસ પુરવાર કરેલ ન હોય ત્યારે અને જે થી એક તબકકે માની લઇ એ સગવડતા અગવડતા ની પાસુ તથા નાણા થી માપી ના શકાય તેવી નુકશાની પણ તેમના તરફેણ મા હોય તેમ છતા હોય તો પણ મનાઇ હુકમ આપી ન શકાય.આમ, જયારે વાદી પ્રથમ દર્શનીય કેસ પુરવાર કરી શકેલા નથી ત્યારે આ કામે વાદી પોતાના હકક માટે જાગ્રત નથી કે પોતે ચોખ્ખા હાથે આવેલા નથી કે સંપુર્ણ રેવન્યુ રેકડ પણ રજુ કરેલ નથી કે પોતાના કબજા બાબતે કોઇ પ્રમાણિક દસ્તાવેજ રજુ નથી. વધુમાં લેન્ડ ગ્રેબીગ ની ફરીયાદ માં શૂ નિર્ણય આવેલ છે તે હકિકત પણ કોઇ પણ પક્ષકારે રજુ રાખેલ નથી. ત્યારે કબજા બાબતે કાઇ પણ ચર્ચા કરવી હાલ ના તબકકે ઉચીત નથી કબજા બાબતે નુ તારણ પુરાવા લીધા બાદ જ આપી શકાય તેમ છે. ત્યારે વાદી મુદા નં-ર અને ૩ પણ તેમની તરફેણ માં પુરવાર કરી શકેલા નથી. ઉપર કરેલ ચર્ચા મુજબ વાદી પોતાની તરફેણ માં એક પણ મુદો સાબીત કરી શકેલા નથી. વાદી નો પ્રથમ દર્શનીય કેસ પણ પુરવાર કરેલ નથી. તથા નામદાર સુપ્રીમ કોર્ટ ના ઉપરોકત ચુકાદા ને આધીન તથા નામદાર સુપ્રીમકોર્ટ ના ચુકાદા ને આધીન જે સિધ્ધાતો પ્રસ્થાપીત કરેલા છે તે સિધ્ધાતો પણ પરીપુણ થતા નથી. આમ, વાદી મુદા નં-૧ થી૩ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલા છે જે થી મુદા નં-૧ થી ૩ નો જવાબ નકાર માં હોય નીચે મુજબ નો આખરી હુકમ કરવામાં આવે છે..

## -:: હુકમ ::-

- વાદીની આંક- ૫ ની અરજી **"નામંજુર"** કરવાનો હુકમ કરવામાં આવે છે.
- ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

**હુકમ આજ રોજ ખુલી અદાલત માં વાંચી,સંભળાવી ને જાહેર કર્યો.**

તારીખ :-૧૭ -૦૮-૨૦૨૪
સ્થળ :-બારડોલી

**(મોહિતકુમાર કીર્તિકુમાર શાહ)**
પ્રિન્સિપલ સિનિયર સિવીલ જજ અને
અધિક ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ
બારડોલી -સુરત
**UID:-GJ01208**